**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી**

**<u>બી.એડ્. પ્રવેશ જાહેરાત વર્ષ ૨૦૨૧ – ૨૩</u>**

**<u>ત્રીજો પ્રયત્ન</u>**

કચ્છ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૨૨ – ૨૪ માં B.Ed. સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં બીજા પ્રયત્નને અંતે અનામત કેટેગરીના પૂરતા પ્રવેશ ફોર્મ ન આવતા પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ કે જેઓ SC/ST/SEBC/EWS/PH (દિવ્યાંગ) કેટેગરીમાં આવતા હોય તેવા વિદ્યાર્થીઓ કે જેમણે પ્રથમ અને બીજા રાઉન્ડ માટે પ્રવેશ ફોર્મ ભરેલ ન હોય તેવા ઉપરોક્ત કેટેગરીના વિદ્યાર્થીઓએ **તા.૨૧/૦૭/૨૦૨૨ થી તા.૨૫/૦૭/૨૦૨૨** સુધીમાં કાર્યાલય સમય (૧૧ થી ૨ અને ૨.૪૫ થી ૩.૩૦ )દરમિયાન કચ્છ યુનિવર્સિટી એકેડમિક વિભાગ (રૂમ નં. ૧૧૪) માંથી ઓફલાઈન પ્રવેશફોર્મ મેળવી ભરવાના રહેશે. પ્રથમ રાઉન્ડમાં ઓનલાઈન ફોર્મ ભરેલ હોય પણ અત્રે જમા કરાવેલ ન હોય તેવા તમામ કેટેગરીના વિદ્યાર્થીઓએ ઉપરોક્ત તારીખો દરમિયાન જરૂરી તમામ પ્રમાણપત્રો સાથે અત્રે ફોર્મ જમા કરાવી દેવા. પ્રવેશ કાર્યવાહી સંપૂર્ણ મેરીટના આધારે કરવામાં આવશે. ફોર્મ જમા કરાવતા સમયે અને પ્રવેશ સમયે તમામ અસલ પ્રમાણપત્રો સાથે રાખવા ફરજીયાત છે. બી.એડ્.નુ ફોર્મ ભરવા માટે સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછાં ૫૦% (SC/ST/SEBC કક્ષાના ઉમેદવારો માટે માટે ૪૫%)હોવા જરૂરી છે.

બીજા રાઉન્ડ માટે પ્રવેશ પ્રક્રિયા માટે જાહેર કરે તા. ૨૧/૭/૨૦૨૨ના રોજની પ્રવેશ પ્રક્રિયા જરૂરી સંખ્યામાં ફોર્મ ન આવે હોવાથી બીજા અને ત્રીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી તા. ૨૭/૭/૨૦૨૨ ના રોજ સવારે ૯:૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી , લાયબ્રેરી ખાતે યોજવામાં આવશે જેમાં પ્રથમ રાઉન્ડમાં ફોર્મ ભરેલ હોય પરંતુ પ્રવેશ મળેલ ન હોય તેવા પણ તમામ વિદ્યાર્થીઓએ હાજર રહેવું.

તા.૧૯/૦૭/૨૦૨૨

**કુલસચિવ**